# ગાંધીનગર જિલ્લામાં વધે એક કેસ : બે રિકવર

## કલોલના રાંચરડાનો ૬ વર્ષનો બાળક કોરોનામાં સપડાયો

### સારવાર માટે અમદાવાદ સિવિલમાં દાખલ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ખોરજ અને પેથાપુર પછી હવે કલોલ તાલુકાના રાંચરડા ગામે પણ આજે સાંજે કોરોના પોઝીટવનો કેસ નોંધાતા જિલ્લા આરોગ્યતંત્રમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આજે સાંજે રાંચરડાનુ એક ૬ વર્ષનું બાળક કોરોનામાં સપડાયુ છે. હાલ આ બાળક અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જ્યાં તેની તબિયત સ્થિર છે.

સાંજે યોજાયેલ પત્રકાર પરિષદમાં આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિએ જણાવ્યુ હતુ કે આ બાળકને થયેલા સંક્રમણ અંગેની વિગતો મેળવવામાં આવી રહી છે. બાળકની તબિયત સ્થિર છે.

દરમ્યાન ડૉ. રવિએ પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતુ કે ગાંધીનગરમાંથી આજે વધુ બે દર્દીઓને રજા આપવામાં આવી છે. રાજ્યમાં અત્યાર સુધી ૪૪ વ્યક્તીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં આજે મળેલ આ કેસ સાથે કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૫ થઈ છે. જેમાં બે વિદેશયાત્રાની હિસ્ટ્રી ધરાવે છે. જ્યારે ૧૨ દર્દીઓ લોકલ સંક્રમિત થયેલા છે. રાંચરડાના બાળકને હાલ તો લોકલ ટ્રાન્સમિશનથી થયેલા કેસોની કેટેગરીમાં તંત્ર દ્વારા મુકવામાં આવેલ છે.

## ગાંધીનગર સિવિલમાંથી વધુ બે દર્દીઓને રજા આપવામાં આવી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી કોરોનાના વધુ બે દર્દીઓને રજા આપવામાં આવી છે. આ બન્ને દર્દી સંપૂર્ણ રીતે સાજા થઈ જતાં આ રજા આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આજે રજા જે દર્દીઓને આપવામાં આવી છે તેમાં એક મહિલા દર્દી તેમજ એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. મહિલા દર્દી અને આ પુરૂષ દર્દી બન્ને લોકલ ટ્રાન્સમિશનના કેસ હતા.

બિનસત્તાવાર વિગતો પ્રમાણે જે પુરૂષ દર્દી છે તે વેડા પ્રા.આ. કેન્દ્રના મેડીકલ ઓફિસર છે જ્યારે મહિલા દર્દી એ ઉમંગના પરિવાર સાથે સંકળાયેલ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે વધુ એક શંકાસ્પદ દર્દી પણ દાખલ થયો હોવાનું જાણવા મળેલ છે. આ દર્દી આરોગ્ય વિભાગ સાથે સંકળાયેલો હોવાનું મનાઈ રહ્યું છે.

## ગાંધીનગર મનપાની નબળી કામગીરી જોઈ મુખ્યમંત્રીનો રોષ ભભૂકી ઉઠયો!!

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કોવિડ-૧૯માં જે કામગીરી કરવામાં આવી રહી છે તેને લઈ રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સખ્ત નારાજગી વ્યકત કરી છે.

શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પદાધિકારી અને કમિશનરો સાથે યોજાયેલી વિડીયો કોન્ફરન્સમાં તેમણે આ અંગે સખ્ત નારાજગી વ્યકત કરી હતી.

તેમણે તંત્રને ટપારતાં જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરમાંથી અત્યાર સુધીમાં માત્ર ૫૮ સેમ્પલ લેવામાં આવ્યા છે. વસ્તીના પ્રમાણમાં આ સેમ્પલ ઘણા ઓછા છે એટલું જ નહિ એની સામે શહેરમાં કોરોનાના જે કેસ નોંધાયા છે તેને ધ્યાને રાખીએ તો મનપાએ કોઈ જ કામગીરી કરી નથી બહુ દુઃખની વાત છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ૧૦ વ્યકિતઓનું ગૃપ બનાવી કમિશનરશ્રી અને મેયરશ્રીએ રોજે રોજ સમીક્ષા કરવી જોઈએ. તેમણે અમદાવાદ કમિશનરશ્રી જે રીતે કામગીરી કરી રહ્યા છે તેનું ઉદાહરણ લઈ કામગીરી તંત્રએ કરવી જોઈએ. સેકટરોના રાઉન્ડ પણ લેવામાં આવતા નથી. મુખ્યમંત્રીએ આજે વિડીયો કોન્ફરન્સના માધ્યમમાં જરૂરિયાતમંદો પાસે તંત્ર પહોંચે તે પહેલાં સેવાભાવી સંસ્થાઓ પહોંચી રહી છે સહિયારો પુરૂષાર્થ જરુરી છે. પણ ઉદાસીનતા તંત્રની એ બરાબર કહી શકાય નહિ.

તેમણે શાકમાર્કેટ, કરિયાણા સ્ટોર્સ જેવા સોશ્યલ ગેધરીંગવાળા સ્થળોએ લોકો વધુ ન જાય તે માટે હોમ ડિલીવરી વ્યવસ્થાનું આયોજન સ્થાનિક તંત્ર કરે તેમજ ભારત સરકારે ડેવલપ કરેલી આરોગ્યસેતુ એપનો વધુને વધુ નાગરિકો ઉપયોગ કરી સ્વયં સતર્કતા કેળવે તે જોવા પણ તાકીદ કરી હતી.

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સેમ્પલીંગની સંખ્યા વધારવા તાકીદ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯ના કેસો શોધવા માટે તંત્ર દ્વારા શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓના સેમ્પલ વધુ લેવામાં આવે તેવી સૂચના જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આપી છે.

તાજેતરમાં આરોગ્યના અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં જિલ્લામાં લેવાયેલા સેમ્પલોની ઓછી સંખ્યાને લઈ તેમણે નારાજગી વ્યક્ત કરી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાતંત્ર દ્વારા ગાંધીનગર તાલુકા અને માણસા તાલુકા માટે બે ખાસ એમ્બ્યુલન્સ પણ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત જે લોકો વિદેશથી આવેલા છે અથવા આંતર રાજ્ય કે આંતર જિલ્લાનો પ્રવાસ કરી આવ્યા હોય તેમની પર પણ તંત્ર સતર્કતાપૂર્ણ નજર રાખે તે જરૂરી છે. જિલ્લામાં આજ સવાર સુધીમાં ૧૧૫ સેમ્પલ લેવાયા છે જેમાંથી ૧૪ કેસ પોઝીટીવ મળ્યા છે. જો કે શહેરમાંથી ૫૮ સેમ્પલ જે લેવાયા છે તેનો પણ આ સંખ્યામાં સમાવેશ થતો હોવાથી જિલ્લાની વસ્તીના પ્રમાણમાં ખુબ ઓછા સેમ્પલ લેવામાં આવ્યા છે તે ફલિત થાય છે. તેમણે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પણ સઘન રીતે થાય તેના પર ખાસ ભાર મુક્યો હતો.



લોકડાઉન - વૈશ્વિક મહામારી કોરોનાને અટકાવવાનો એકમાત્ર વિકલ્પ લોકડાઉન છે પરંતુ શ્રમિકો માટે લોકડાઉન ચિંતાનો વિષય છે... રોજ કમાઈને રોજ ખાનારા શ્રમિક વર્ગ માટે એક એક દિવસ યુદ્ધ જેવો છે. સહાય મળે છે... ક્યાં સુધી મળશે... ? પેટિયું રળતા શ્રમિકો માટે દુઃખના દ્હાડા છે... લોકડાઉન લંબાવાશે એવી દહેશતના પગલે ઉચાળા ભરીને ઘરતરફ પ્રયાણ....

## આગામી સપ્તાહમાં સિવિલ હોસ્પિટલ કોવિડ-૧૯ માટે તબદીલ કરી દેવાશે

### આ માટેની કામગીરીનો ધમધમાટ : કોવિડ હોસ્પિટલ માટે ભરતીની પ્રક્રિયાનો પણ પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૩૦૦ બેડની કોવિડ હોસ્પિટલમાં તબદીલ કરવાની કાર્યવાહીએ વેગ પકડ્યો છે અને આગામી સપ્તાહમાં તે કાર્યરત કરી દેવામાં આવશે તેમ વહીવટીતંત્રના સૂત્રોએ સંકેત આપ્યા છે.

સિવિલ હોસ્પિટલમાં ૩૦૦ બેડની જે કોવિડ હોસ્પિટલ બનશે તેમાં ૧૫ વોર્ડ બનશે. મળતા સંકેતો મુજબ એક વોર્ડમાં સામાન્યઃ ૩૦ પથારીની સુવિધા હોય છે પરંતુ કોવિડ હોસ્પિટલના વોર્ડમાં માત્ર ૨૦ પથારી જ રાખી અને સોશિયલ ડિસ્ટન્ટ પણ જાળવવામાં આવશે.

આ કોવિડ હોસ્પિટલમાં ભરતી માટે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા જાહેરાત પણ પ્રસિદ્ધ કરી દેવાઈ છે અને છેલ્લા બે દિવસથી આ માટેના વોક ઈન ઈન્ટરવ્યુ પણ ચાલી રહ્યા છે.

આ હોસ્પિટલ માટે નર્સિંગ સ્ટાફમાં ભરતી માટે સારો પ્રતિસાદ મળ્યો છે આ ઉપરાંત મેડીકલ ઓફિસર તરીકે જોડાવા માટે ફ્રેશર વધુ આવ્યા છે. જો કે નિષ્ણાતો દ્વારા આ માટે પ્રમાણમાં નહિવત રસ દાખવવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કોવિડ હોસ્પિટલમાં તબદીલ કરવા માટે ૫ થી ૮ માળના બિલ્ડીંગનો ઉપયોગ કરવામાં આવશે. આ માટે બેઠકોનો ધમધમાટ વધી જવા પામ્યો છે.

આ ઉપરાંત ગાંધીનગર સિવિલ હોસ્પિટલની અન્ય સેવાઓ જુના બિલ્ડીંગમાં કાર્યરત કરવાની પણ કવાયત ચાલી રહી છે.

હાલ સિવિલ હોસ્પિટલમાં ૮મા માળે આઈસોલેશન વોર્ડ કોવિડ-૧૯ માટે ઉભો કરવામાં આવ્યો છે. જો કે કેટલીક પથારીઓ ૭મા માળે પણ તૈયાર કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

## શહેરમાં કોરોના વાયરસની મહામારી વચ્ચે સામાન્ય મૃત્યુઆંક ઘટયો !!!

### છેલ્લા ૧૧ દિવસમાં અંતિમધામ ખાતે માત્ર ૩૩ મૃતકોના અંતિમસંસ્કાર કરાયા માર્ચના અંતમાં માત્ર ૯ દિવસમાં જ ૫૪ મૃતકોને અગ્નિદાહ અપાયો હતો

ગાંધીનગર તા ૧૧

શહેરમાં કોરાના વાયરસની મહામારી વચ્ચે હાલ છેલ્લા ૧૮ દિવસથી લોકડાઉન છે. સમગ્ર શહેરમાં બધુ બંધ છે. સન્નાટો છવાયેલો છે. ત્યારે લોકડાઉનના લીધે જનજીવનમાં જોવા મળતા રોજીંદા પ્રશ્નો અને માર્ગ અકસ્માત જેવી ગંભીર સમસ્યા પણ હળવી થઇ છે. બીજીતરફ ગત માર્ચ મહીનાના અંતિમ દિવસોની સાપેક્ષમાં શહેરમાં મૃત્યુદર ઘટયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. એપ્રિલ મહીનાના ૧૧ દિવસમાં અંતિમધામ ખાતે ૩૩ મૃતકોના અંતિમ સંસ્કાર કરાયા છે. જયારે ગત માર્ચ મહીનાના છેલ્લા ૧૦ દિવસમાં જ મૃતકોની આ સંખ્યા ૫૪ રહી હતી.

શહેરમાં કોરોના વાયરસના કહેર વચ્ચે છેલ્લા ૧૮ દિવસથી લોકડાઉન છે. નગરના માર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં સન્નાટો જોવા મળી રહ્યો છે. કોરોનાને માત આપવાના આશયથી એક મુદ્દાનુ અભિયાન જ સરકાર સહીત નાગરિકોનુ એકમાત્ર લક્ષ્ય છે. ત્યારે લોકડાઉનની અસર વચ્ચે કેટલીક હકારાત્મક બાબતો પણ ધ્યાને આવી રહી છે. શહેરના માર્ગો પર વાહનોની અવરજવરના અભાવે માર્ગ અકસ્માતોના બનાવો બનતા નથી. જયારે પોલીસ ચોપડે અન્ય પ્રકારના ગુન્હાઓની ફરિયાદો પણ નહીંવત જોવા મળે છે. પ્રકૃતિ પણ પ્રદુષણ ઘટતા તાજગી અનુભવે છે. બીજીતરફ કોરોના વાયરસની આ મહામારીના સમયમાં શહેરમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે મૃત્યુ દર ઘટયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. નગરના અંતિમધામમાં છેલ્લા ૧૧ દિવસ દરમિયાન માત્ર ૩૩ મૃતકોના અંતિમ સંસ્કાર કરાયા છે. તા ૧ થી ૧૧ એપ્રિલ દરમિયાન શહેરમાં મૃતકોની સંખ્યા ૩૩ રહી છે. જયારે ગત માર્ચ મહીનામાં ૨૨ થી ૩૧ માર્ચના સમયગાળામાં જ અંતિમધામમાં ૫૪ મૃતકોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. લોકડાઉનની અસર વચ્ચે હાલ માત્ર સંક્રમિત દર્દીઓ તેમજ શંકાસ્પદ દર્દીઓ જ હોસ્પિટલમાં સારવાર માટે જાય છે. અલબત શહેરમાં સિવિલ હોસ્પિટલ સિવાયના ખાનગી દવાખાનાઓ પણ બંધ છે. ત્યારે સામાન્ય બિમારીના દર્દીઓ પણ ઘરઘરાઉ દવા લઈને જ કામ ચલાવી રહ્યા હોય તેવી સ્થિતિ છે. ત્યારે મહામારીના આ સમયમાં શહેરમાં સ્મશાને મૃતકોની અંતિમ સંસ્કારની વિધીના આંકડામાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. અલબત્ત શહેરમાં છેલ્લા ૧૧ દિવસ દરમિયાન મૃત્યુઆંક પણ જાણે ઘટી ગયો હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે.



## કોરાનાની સાથે ગરમીનો કાળોકેર ગાંધીનગર હોટ : પારો ૪૧.૬ ડીગ્રી

### લોકડાઉન વચ્ચે શહેરમાં બપોરના સમયે સદંતર શુન્યવકાશ : સિઝનની રેકર્ડ બ્રેક ગરમી : આકરી ગરમીમાં લોકડાઉન નગરજનો માટે આર્શીવાદરૂપ શહેરીજનો હીટવેવથી બચવા આમ પણ બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે

ગાંધીનગર તા ૧૧

શહેરમાં આજે આકાશમાંથી અગ્નગોળા વરસ્યા હતા. ગરમીનો પારો ૪૧.૬ ડીગ્રીએ પહોંચી ગયો હતો. શહેરમાં સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઇ હતી. મહત્તમ તાપમાન છેલ્લા ત્રણ ચાર દિવસથી એક ડીગ્રી વધી રહ્યુ છે. ગઇકાલે પણ ગરમીનો પારો ૪૦.૬ ડીગ્રી રહ્યો હતો.જયારે આજે એક ડીગ્રી વધીને ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતુ. આક્રમક ગરમીની અસર નગરના જનજીવન પર વર્તાઇ હતી. લોકડાઉનના લીધે ઘરોમાં પુરાયેલા નાગરિકોએ પણ બહારની આક્રમક ગરમીનો અંદાજો મેળવી લીધો હતો. ઘરોમાં પણ ગરમ લું ફુંકાતી હોવાનો અહેસાસ કરતા સેકટરવાસીઓ દિવસ દરમિયાન એ સી ની ઠંડકમાં પુરાયેલા રહ્યા હતા. કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે શહેરમાં છેલ્લા ૧૮ દિવસથી લોકડાઉન છે. લોકડાઉનના લીધે નગરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર સન્નાટો જોવા મળી રહ્યો છે. નગરજનોને જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મળી રહે તે માટે પણ સરકારે કરિયાણા, દુધ અને દવાની દુકાનો ખુલ્લી રાખવા માટે સુચના આપી છે. આ ઉપરાંત ફ્રુટ તેમજ શાકભાજી ખરીદવા માટે પણ નાગરિકોની સામાન્ય અવરજવર જોવા મળે છે. જયારે હાલ ગરમીનો પારો ઉંચો આવતા જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે પણ નગરજનો બપોરના સમયે પણ બહાર નિકળતા નથી. જેથી બપોરે લોકડાઉનનો કડક અમલ જોવા મળે છે. જયારે કોરોનાની સાથે ગરમીનો કહેર પણ અસહ્ય બનતો જાય છે. ત્યારે નગરજનો દિવસ દરમિયાન ઘરમાં ઠંડક વચ્ચે આરામ ફરમાવી રહ્યા છે. લોકડાઉનમાં આમ પણ કામ ધંધા બંધ છે. જયારે બહાર નિકળવાના મામલે પણ મનાઇ ફરમાવામાં આવી છે. ત્યારે નિખરતી ગરમીની મોસમ વચ્ચે લોકડાઉન

● અનુસંધાન પાન-૮ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

## મેડિકલ-પેરામેડિકલ સ્ટાફને ડરાવશો તો આક્રમક પગલા લેવાશે

### રાજ્ય સરકાર દ્વારા સ્પષ્ટ ચિમકી આપવામાં આવી : સુરતમા ઉના વિસ્તારમાં આશાવર્કરની સાથે ખરાબ વર્તન

ગાંધીનગર, તા.૧૧

રાજ્યમાં કોરોના સામે ડોક્ટર્સ તેમજ પેરામેડિકલનો તમામ સ્ટાફ રાત-દિવસ ખડેપગે ફરજ બજાવી રહ્યો છે. તેમ છતાં અનેક શહેરોમાં ડોક્ટર તેમજ મેડિકલ સ્ટાફ સાથે સોસાયટીના રહીશો ગેરવર્તણૂંક કરતા હોવાના મામલાઓ સામે આવ્યા છે. ત્યારે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો.જયંતિ રવિએ આજે સ્પષ્ટ કર્યું હતું કે, મેડિકલ-પેરામેડિકલ સ્ટાફની સુરક્ષા કરવા તેમજ તેમને હોસ્પિટલમાં રહેવાથી લઈને જરૂરી તમામ સુવિધા આપવા સરકાર સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. જો કોઈ મેડિકલ-પેરામેડિકલ સ્ટાફને ધમકાવશે કે તેઓની સાથે અમાનવીય વર્તન કે વ્યવહાર કરવામાં આવશે તો તેમની વિરૂદ્ધ ફોજદારી ગુનો નોંધવા સહિતના કડક પગલાં ભરવામાં આવશે. નવસારીમાં વિજલપોરની મહિલા કોન્સ્ટેબલ પર હુમલો કરનાર એક આરોપીની પોલીસે ધરપકડ કરી લીધી હતી. તો, સુરતના ઉના વિસ્તારમાં આશા વર્કરો સાથે ખરાબ અને અમાનવીય વર્તનની ઘટના સામે આવી હતી. એક દિવસમાં એક આશાવર્કર આશરે ૨૫૦થી વધુ ઘરોનો સરવે કરે છે. જો કે, આ કામગીરી દરમિયાન આશાવર્કર બહેનો સાથે દુર્વ્યવહાર કરવામાં આવી રહ્યો છે. સુરત શહેરના ઉન વિસ્તારમાં કોરોનાના સર્વે માટે ગયેલી આશાવર્કર બહેનોના આઈકાર્ડ ફાડી નાખી તેઓને ગાળો આપવામાં આવી રહી છે. ઉન વિસ્તારમાં આવેલા રહેમતનગર, વસીમનગર, નુરાનીનગર, મદનીનગર, તિરુપતિનગર સી, ડી, ઈ, એફ જેવા વિસ્તારોમાં લોકો તેમને મારવા દોડવા હતા. સાથે જ સર્વેના કાગળો ફાડી નાખ્યા હતા. જેને લઈને સર્વેની કામગીરી કરવી મુશ્કેલી બની છે. આશા વર્કર બહેનોએ મીડિયા સમક્ષ પોતાની વ્યથા ઠાલવતાં તંત્રએ આ સમગ્ર મામલે આકરી કાર્યવાહી કરવી જોઈએ તેવી ઉગ્ર માંગણી સ્થાનિક અને જાગૃત નાગરિકોમાં ઉઠવા પામી હતી.

**ફોજદારી ગુનો નોંધવા સહિતના કડક પગલાં ભરવામાં આવશે**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com